Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 18,(SURAT), DATE-22/10/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૧૮, (સુરત), તા.૨૨/૧૦/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલઘરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

## દિવાળી પર PM મોદીનો રાષ્ટ્રના નામે પત્ર, ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ અને સ્વદેશી અપનાવવા હાકલ

દિવાળીના શુભ પર્વ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવતો એક પત્ર લખ્યો છે, જેમાં તેમણે રાષ્ટ્રીય સિદ્ધિઓ, આર્થિક પ્રગતિ અને નાગરિકોની ફરજો પર ભાર મૂક્યો છે. તેમણે પત્રમાં લખ્યું 'અયોધ્યામાં રામ મંદિરના ભવ્ય નિર્માણ પછી આ બીજી દિવાળી છે. ભગવાન શ્રી રામ આપણને ધર્મનું પાલન કરવાની અને અન્યાય સામે લડવાની હિંમત આપે છે. આનું એક આબેહૂબ



ઉદાહરણ થોડા મહિના પહેલા ઓપરેશન સિંદૂરમાં જોવા મળ્યું હતું, જ્યારે ભારતે ધર્મનું સમર્થન કર્યું અને અન્યાયનો બદલો લીધો.'

પ્રધાનમંત્રી મોદીએ પત્રમાં દેશની અન્ય મોટી સિદ્ધિઓ પર પણ પ્રકાશ પાડ્યો. તેમણે લખ્યું કે, 'તાજેતરમાં ઘણાક લોકોએ હિંસાનો માર્ગ છોડીને વિકાસના મુખ્ય પ્રવાહને અપનાવ્યો છે અને બંધારણમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે, જે રાષ્ટ્ર માટે એક મોટી સિદ્ધિ છે.
























ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......

# દીપોત્સવી એટલે દીપનો ઉત્સવ દિવાળી એટલે પ્રકાશનું પર્વ




માનવીએ એના જીવનને પરમ ઉન્નત, અતિ ઉત્કૃષ્ટ બનાવવું હોય તો આધિ ભૌતિકથી ઉપર ઉઠી આધ્યાત્મિક અને આધિદૈવિક સ્તર પર જવું પડે. તેણે વેદોપનિષદના તત્ત્વજ્ઞાનને જીવનમાં ઉતારવું પડે. તેણે 'અસતો મા સદ્ ગમય ' નું સ્મરણ રાખી અસત્ય છૂટી સત્યમાં પ્રતિષ્ઠિત થવું પડે. તે સ્થિતિ સિદ્ધ કર્યા પછી 'તમસો મા જયોતિર્ગમય' નું સ્મરણ રાખી અજ્ઞાનના અંધકારથી મુક્ત થઈ જ્ઞાનના પ્રકાશને પ્રાપ્ત કરવો પડે. તે પછી મૃત્યો માંડમૃતં ગમય'નું સ્મરણ રાખી મૃત્યુને પાર કરી આત્માના અમૃતનો આસ્વાદ પ્રાપ્ત કરવાનો છે.

દીપોત્સવી દરમિયાન મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીની પૂજા કરાય છે. મહાકાલી જીવનને અંસત્માંથી સદ્ તરફ લઈ જાય છે, મહાલક્ષ્મી અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે અને મહાસરસ્વતી મૃત્યુમાંથી અમૃત તરફ લઈ જાય છે. એના જ હેતુ રૂપે ધનતેરસ, કાળી ચૌદસ અને દિવાળી ઉજવાય છે. આ પર્વ દરમિયાન ધનતેરસે મહાલક્ષ્મીની, કાળી ચૌદસે મહાકાળીની અને દિવાળીએ મહાસરસ્વતીની આરાધના કરવાની વિધિ એટલે જ નિશ્ચિત કરાયેલી છે.

ધનતેરસે લક્ષ્મીજીના પ્રતીકરૂપ ધનની પૂજા કરાય છે. લક્ષ્મીજીની કૃપા ધન-સંપત્તિ-સંપન્નતામાં અનવરત અભિવૃદ્ધિ કરે છે. એટલે જ લક્ષ્મીજી પાસે આ દિવસે માંગવામાં આવે છે - વિજ્ઞાન વૃદ્ધિં હૃદયે કુરુ શ્રી, દયાભિવૃદ્ધિં કુરુતાં ત્વયિ શ્રી મ સૌભાગ્ય વૃદ્ધિં કુરુ મે ગૃહે શ્રી, સુવર્ણ વૃદ્ધિં કુરુ મે કરે શ્રી મમ હે લક્ષ્મીજી, મારા હૃદયમાં વિશિષ્ટ જ્ઞાનની વૃદ્ધિ કરો, મારા હૃદયમાં દયા, કરુણા, સદ્ભાવોની વૃદ્ધિ કરો, મારા ઘરમાં સૌભાગ્યની વૃદ્ધિ કરો અને મારા હાથમાં સુવર્ણની વૃદ્ધિ કરો.' સંપત્તિ કેવી રીતે આવે, કેવી રીતે વધે અને કેવી રીતે કાયમ ટકી રહે તે એક શ્લોકમાં ખૂબ સરસ રીતે રજૂ કરાયું છે. 'શ્રી માંગલ્યાત્ પ્રભવતિ, પ્રાગલ્ભ્યાત્ સંપ્રવર્ધતે મ દ્રાક્ષ્યાત્તુ કુરુતે મૂલં, સંયમાત્ પ્રતિતિષ્ઠિતિ મમ લક્ષ્મી માંગલ્યમાંથી ઉદ્ભવે છે, ચતુરાઈથી વધે છે, નિપુણતાથી એના મૂળને મજબૂત કરે છે અને સંયમથી કાયમ વધે છે.' આ દિવસે સ્વર્ગના ખજાનચી, ધન-સંપત્તિના અધ્યક્ષ કુબેર ભંડારીની પણ લક્ષ્મીજી સાથે પૂજા કરાય છે. ધનતેરસના દિવસે જ સમુદ્રમંથન કરાતી વખતે લક્ષ્મીજી અને ધન્વંતરિનું પ્રાગટય થયું હતું. ભગવાન ધન્વંતરિએ આરોગ્ય શાસ્ત્ર એવા આયુર્વેદની ઉત્પત્તિ કરી હતી. ધનતેરસે ભગવાન ધન્વંતરિની પૂજા કરવાથી સ્વાસ્થ્ય સુખ સારું રહે છે. આસો વદ ચૌદસને કાળી ચૌદસ, નરક ચતુર્દશી અને રૂપ ચતુર્દશી પણ કહેવાય છે. આ દિવેસ સોળ હજાર કન્યાઓનું અપહરણ કરનાર નરકાસુરનો ભગવાન શ્રીકૃષ્ણે વધ કર્યો હતો અને તે કન્યાઓને મુક્ત કરી હતી એટલે એને નરક ચતુર્દશી પણ કહેવાય છે. એવી માન્યતા છે કે આ દિવસે વ્રત કરવાથી અલૌકિક સૌદર્ય પ્રાપ્ત થાય છે. ભગવાન શ્રીકૃષ્ણ વ્રતધારીને દિવ્ય સૌદર્ય, રૂપ નિખાર પ્રદાન કરે છે.

ભગવાન શ્રીરામે વિજયાદશમીના દિવસે રાવણનો વધ કરી આસુરી તત્વ પર વિજય મેળવી અયોધ્યા તરફ પ્રસ્થાન કર્યું હતું. અયોધ્યાવાસીઓએ એમના સ્વાગત-સત્કાર- આવકાર માટે એમના ઘરોને શણગારી રાત્રિના સમયે અત્ર-તત્ર-સર્વત્ર દીવાઓ પ્રગટાવ્યા હતા. આખી અયોધ્યાનગરી દીપમાળાઓથી દૈદીપ્યમાન થઈ ગઈ હતી. એ દિવાળીનો જ દિવસ હતો. ત્યારથી આસો વદ અમાસનો દિવસ, દીપોત્સવી, દીપાવલી કે દિવાળી તરીકે ઉજવાય છે. આ દિવસે અંતઃકરણના ગવાક્ષમાં જ્ઞાનનો દીપક પ્રકટાવી ચિત્ત પર છવાયેલા અજ્ઞાનના અંધકારને દૂર કરવાનો છે. આતમના ગોખમાં જ્ઞાનના દીવાને સતત પ્રજવલિત રાખી જીવન પંથને અજવાળવાનો છે.

ભગવાન બુદ્ધ કહે છે ' આત્મ દીપો ભવ' તું પોતે જ તારો દીવો થા. જેના દિલમાં જ્ઞાન અને સદ્ભાવનો દીવો પ્રગટ રહેતો હોય તેને તો રોજ દિવાળી છે, એટલે જ કહેવાયું છે- 'દિલમાં દીવા તો દિવાળી દિવાળી.' દિવાળી વિદ્યા અને જ્ઞાનની દેવી સરસ્વતીની પૂજા- અર્ચના- આરાધનાનો દિવસ છે. ઉપનિષદ કહે છે- 'વિદયા અમૃતં અશ્નુતે વિદ્યાર્થી અમૃતની પ્રાપ્તિ થાય છે. સદ્ભાવ, સદ્વિદ્યા, આત્મજ્ઞાનનું અમૃત પ્રાપ્ત થાય એટલે નવજીવનનો આરંભ થાય છે. નૂતન વર્ષ એનો જ સંકેત છે. નૂતન વર્ષ ગોવર્ધન પૂજાનો દિવસ છે. ગો શબ્દનો એક અર્થ ગાયો થાય અને બીજો અર્થ ઇન્દ્રિયો થાય. ભગવાન શ્રીકૃષ્ણને ધરાવેલો અન્નકૂટ અને ગાયોને ખવડાવેલું ઘાસ ગાયોની વૃદ્ધિ કરે છે અને શ્રદ્ધા, ભક્તિ, સદ્ભાવ અને પ્રેમનું અમૃત આપણી ઇન્દ્રિયોના સુખની વૃદ્ધિ કરે છે. ભાઈ બીજ ભાઈ-બહેનના નિસ્વાર્થ સ્નેહના આદાન-પ્રદાનનું પર્વ છે.




**શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લી., મઢી**

મુ.પો.મઢી-૩૯૪ ૩૪૦, તા.બારડોલી, જી.સુરત.
મોબાઈલ નંબર : ૯૯૭૮૮ ૬૩૩૦૩, ૬૩૫૨૫ ૬૫૮૨૬ E-mail.madhisugar@rediffmail.com

**આજથી શરૂ થતુ નવુ વર્ષ આપના પરિવારજનો માટે સુખ, સંમૃધ્ધિ, શાંતિ અને નિરોગીમય સ્વાસ્થ્ય પ્રદાન કરનારૂ બની રહે એવી નવા વર્ષની હાર્દિક શુભેચ્છા**

| યુનિટ | ક્ષમતા |
|---|---|
| સુગર યુનિટ | ૭૦૦૦ ટન શેરડી ક્રસીંગ દૈનિક |
| ડિસ્ટીલરી યુનિટ | રેકટીફાઈડ સ્પિરીટ : ૪૫૦૦૦ લીટર દૈનિક<br>એક્સ્યુલ્યુટ આલ્કોહોલ : ૪૦૦૦૦ લીટર દૈનિક |

- ■સીઝન : ૨૦૧૬-૨૦૧૭ માટે ગુજરાત સ્ટેટ કો.ઓપ. ફેડરેશન લી., ગાંધીનગર તરફથી 'શ્રી પ્રમોદભાઈ કનૈયાલાલ દેસાઈ' ત્રીજો એવોર્ડ.
- ■સીઝન : ૨૦૧૬-૨૦૧૭ માટે ગુજરાત સ્ટેટ કો.ઓપ. ફેડરેશન લી., ગાંધીનગર તરફથી 'શ્રેષ્ઠ ટેકનિકલ પરફોર્મન્સ' ત્રીજો એવોર્ડ.
- ■ ૨૦૧૮ માં રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ, ગાંધીનગર તરફથી 'સહકારી ઉત્કૃષ્ટતા અને ગુણદોષ' માટે પ્રાદેશિક એવોર્ડ.
- ■સીઝન : ૨૦૦૨-૨૦૦૩ માટે યુનાઈટેડ ફોસ્ફરસ લી., વાપી તરફથી 'ક્રેઈન ડેવલપમેન્ટ પ્રોજેકટમાં શ્રેષ્ઠતા' એવોર્ડ.
- ■સીઝન : ૨૦૨૨-૨૦૨૩ માટે ભારતીય સુગર, પૂના તરફથી 'બેસ્ટ ઓવરઓલ પરફોર્મન્સ સુગર મીલ' એવોર્ડ.
- ■મઢી તેમજ આજુબાજુના ગામોમાં શેરડી ઉગાડનાર ખેડૂત સભાસદોની આર્થિક, શૈક્ષણિક અને સામાજીક ઉન્નતિ કરનારી સંસ્થા.
- ■સંસ્થાનાં સભાસદોની જમીનની ફળદ્રુપતા જાળવવા તથા પ્રતિ એકરે શેરડીનું વધુ ઉત્પાદન મેળવવા માટે
- ■પ્રેસમડનું ડીકમ્પોષ્ટીંગ કરી તેમાં જૈવિક ખાતરો, જૈવિક ફુગનાશકો, એમીનો એસિડ વિગેરે ઉમેરી **'એનરીચ કંમ્પોષ્ટ'** તૈયાર કરનારી સંસ્થા.
- ■ ડીસ્ટીલરી પ્લાન્ટમાં ઈથેનોલનું ઉત્પાદન કરનારી સંસ્થા.
- ■ **ઉત્તમ કવોલીટીની સફેદ દાણાદાર ખાંડનું ઉત્પાદન કરનારી સંસ્થા.**

**-:: વ્યવસ્થાપક કમિટીનાં સભ્ય ::-**

શ્રી સમીરભાઈ છીતારામભાઈ ભક્ત, પ્રમુખશ્રી
શ્રી નટુભાઈ પરભુભાઈ રબારી, કમિટી સભ્યશ્રી
શ્રી અલ્પેશભાઈ મગનભાઈ પટેલ, ઉપ-પ્રમુખશ્રી
શ્રી દિનેશભાઈ ખુશાલભાઈ પટેલ, કમિટી સભ્યશ્રી
શ્રી સુરેશભાઈ રાનીયાભાઈ ચૌધરી,કમિટી સભ્યશ્રી
શ્રી હરિશભાઈ લાલસિંગભાઈ ચૌધરી, કમિટી સભ્યશ્રી
શ્રી જીતેન્દ્રકુમાર ડાહયાભાઈ પટેલ, કમિટી સભ્યશ્રી
શ્રીમતિ મોક્ષનાબેન નરેન્દ્રસિંહ મહીડા, કમિટી સભ્યશ્રી
શ્રી કેતનકુમાર જશુભાઈ પટેલ,કમિટી સભ્યશ્રી
ગં.સ્વ.સુમિત્રાબેન દલપતભાઈ ચૌધરી,કમિટી સભ્યશ્રી
શ્રી યુતિનકુમાર પરસોત્તમભાઈ પટેલ,કમિટી સભ્યશ્રી
શ્રી સુનિલભાઈ શ્રીપતભાઈ પટેલ,બેક પ્રતિનિધિશ્રી
શ્રી અતુલભાઈ બાબુભાઈ નાયક,કમિટી સભ્યશ્રી
શ્રી રાકેશભાઈ ઠાકોરભાઈ પટેલ, સંઘનાં પ્રતિનિધિશ્રી
શ્રી મનીષભાઈ સુરેશચંદ્ર પટેલ,કમિટી સભ્યશ્રી
શ્રી ખાંડ નિયામક રોસ્ટ્રારશ્રીના પ્રતિનિવિશ્રી
શ્રી નટવરભાઈ લલ્લુભાઈ ભક્ત, કમિટી સભ્યશ્રી
શ્રી અવિનાશ જ્ઞાનેશ્વર ઢેકાણે, મેનેજીંગ ડીરેકટરશ્રી
શ્રી હિતેશભાઈ રમેશભાઈ પટેલ, કમિટી સભ્યશ્રી
શ્રી કિરીટકુમાર રતનસિંહ વસાવા,કમિટી સભ્યશ્રી

**તથા સભાસદ અને કામદાર-કર્મચારી-અધિકારી પરિવાર**

**સુરત જિલ્લા ખાદી ગ્રામોદ્યોગ સહકારી સંઘ લિ.**

**સાત્વિક બેકરી કેમ્પસ, મિંઢોળા ચાર રસ્તા, બારડોલી.**
**ફોન. (ઓ) ૨૨૦૪૦૬, (બેકરી) ૨૨૦૦૭૮**

**કાપડઃ-**
સુતરાઉ ખાદી, પોલી વસ્ત્ર, રેશમ ખાદી ગરમ ખાદી, આધુનીક ફેસન ના ખાદીના રેડીમેઇડ વસ્ત્રો વગેરે મળશે.

**ગ્રામોદ્યોગ :-**
દરેક પ્રકારની કારપેટ મેટીગ, કાથા મેટીગ, પગ લુછણીયા, ગ્રામોદ્યોગ સાબુ, ચોખ્ખુ મધ, અગરબત્તી, સુખડ કલા, ધાતુ કલા, કાષ્ટ કલા,

**બેકરી :-**
શુધ્ધ અને સાત્વિક બિસ્કીટો, ચોખ્ખા ઘીની ઘઉંના લોટની સ્પે.નાન ખટાઈ તથા ખાખરા મળશે. સ્પે. સેન્ડવીચ, ખાખરા પીઝા, તેમજ ગ્રીલ સેન્ડવીચ મળશે. પ્યોર ઘઉં માંથી બનાવેલ ખાખરા મળશે.

**ફુટવેર :-**
શુધ્ધ ચામડાની જેન્ટસની વેરાયટીઓ જેવી કે બુટ, ચંપલ, મોજડી વગેર મળશે.

**ખેતી :-**
ખેતી માટે શુધ્ધ બિયારણ માંથી બનાવેલ ધરૂ મળશે.

**આયુર્વેદિક :-**
ડાંગ જિલ્લા આયુર્વેદિક ફાર્મસીની આયુર્વેદિક દવાઓ મળશે.

**હરેન્દ્રસિંહ ડી. વસવારીયા**
**મંત્રી**

**પંકજભાઈ એન. ચૌધરી**
**માનદ્ મંત્રી**


**હરીશચંદ્ર આર. પટેલ**
**ઉપ-પ્રમુખ**

**નિરંજનાબેન કલાર્થી**
**પ્રમુખ**

**:: અમારી બીજી કોઈ શાખા નથી ::**

**સાત્વિક - સાત્વિક - સાત્વિક - સાત્વિક- સાત્વિક - સાત્વિક - સાત્વિક**

Email I.D.sjkgsangh@yahoo.in


















દિવાળી તથા નૂતનવર્ષની ખુબ ખુબ શુભેચ્છા...

Happy Diwali

ભગવાનના માથે ભાર નાખીને જીવતા આવડી જાય એને અખંડ દીપોત્સવી જ છે.

હરિપ્રબોધમ સત્સંગ મંડળ : બારડોલી

દિવાળી તથા નૂતનવર્ષની ખુબ ખુબ શુભેચ્છા...

તાપી નર્મદા લીઝ હોલ્ડર્સ

જનકસિંહ મોહનસિંહ ચાવડા
હરજીતસિંહ જનકસિંહ ચાવડા
પૃથ્વીરાજસિંહ ચંદ્રસિંહ ઠાકોર
પ્રભાવતીબેન જનકસિંહ ચાવડા
ડિમ્પલ હરજીતસિંહ ચાવડા
પારુલ પૃથ્વીરાજસિંહ ઠાકોર
ગામ : ભાદા તા કામરેજ જી સુરત

દિવાળી તથા નૂતનવર્ષની ખુબ ખુબ શુભેચ્છા...

જશપાલસિંહ જશવંતસિંહ પરમાર
બારડોલી તાલુકા મહામંત્રી :
શ્રી રાજપુત કરણી સેના

Happy Diwali

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

દિવાળી તથા નૂતનવર્ષની ખુબ ખુબ શુભેચ્છા...

મિતુલસિંહ સુરમા
સુરત જિલ્લા પ્રમુખ
શ્રી રાજપુત કરણી સેના

દિવાળી તથા નૂતનવર્ષની ખુબ ખુબ શુભેચ્છા...

અજીતસિંહ સુરમા
સુરત જિલ્લા
ઉપપ્રમુખશ્રી
ભા.જ.પા.

દિવાળી તથા નૂતનવર્ષની ખુબ ખુબ શુભેચ્છા...

રણધીરસિંહ ભૂપતસિંહ ચૌહાણ
કામરેજ સુગર ફેક્ટરી. ડિરેક્ટર શ્રી

દિવાળી તથા નૂતનવર્ષની ખુબ ખુબ શુભેચ્છા...

દિનેશભાઈ ખુશાલભાઈ પટેલ- મઢી
સુગર ફેક્ટરી ડિરેક્ટર શ્રી

માં આધ્યા મોબાઈલ & ઈલેક્ટ્રોનિક્સ

દરેક પ્રસિદ્ધ કંપનીના મોબાઈલ ફોન, મોબાઈલ એસેસરીઝ, તમામ પ્રકારના એ.સી., ફ્રીઝ, વોશિંગ મશીન, તમામ સાઈઝના LED TV, કોમ્પ્યુટર, લેપટોપ, ઘર ઘંટી, મિક્ષર મશીન જેવી તમામ Home Appliances એકજ સ્થળે ઉપલબ્ધ... અને એ પણ સરળ હપ્તે થી...

BAJAJ FINSERV
CAPITAL FIRST

પહેલા માળે, મોક્ષ મોલ, બસ સ્ટેશનની સામે, માંડવી, જિ. સુરત પીન-394 160. મો. 63590 18000, 98256 77508

દિવાળી તથા નૂતનવર્ષની ખુબ ખુબ શુભેચ્છા...

Manishsinh Parmar
Proprietor
Cell : 87587 77577

METRO
SECURITY SERVICE
ESTD : 1977

METRO SECURITY SERVICE
302, Belgium Square, Opp. Linear Bus Stand, Delhi Gate, SURAT(Guj.)
Ph.No. : 0261-2421767, 2421768, Fax No.: 0261-2421768
E-Mail : metro.surat@yahoo.com

દિવાળી તથા નૂતનવર્ષની ખુબ ખુબ શુભેચ્છા...

દારૂ, ગાંજો તથા અન્ય પ્રકારના ડ્રગ્સના વ્યસન મુકિત માટેની સારવાર

Mob. : 89806 64008, 97278 77851
ટીસીટી વ્યસનમુકિત કેન્દ્ર
https: //tctrehab.com
tct_rehab
TCT વ્યસન મુકિત કેન્દ્ર
એ-૧૬, નિમિત્ત રેસીડેન્સી, ધામડોદ લુંભા રોડ, બારડોલી.

Mob. : 89806 64008, 99093 74000
ટીસીટી વ્યસનમુકિત કેન્દ્ર
https: //tctrehab.com
tct_rehab
ટ્રુ કયોર ટ્રસ્ટ
TCT વ્યસન મુકિત કેન્દ્ર
ત્રીજો માળ, બાલાજી પ્લાઝો, ધામડોદ-કડોદ રોડ, બારડોલી.

Mob.: 898 066 4008
972 787 7851
Coming Soon
૧૦ વર્ષની સફળતા બાદ આધુનિક સુવિધાઓ સાથે...
TCT
વ્યસન મુકિત કેન્દ્ર
Astan Kharvasa Road , Swara Farm

દિવાળી તથા નૂતનવર્ષની ખુબ ખુબ શુભેચ્છા...

જે.એમ.પટેલ સાર્વજનિક હાઈસ્કુલ,બારડોલી

દિવાળી તથા નૂતનવર્ષની ખુબ ખુબ શુભેચ્છા...

PIZZA
P.S.P PIZZA & CAFE
+91 99741 11747
Shop No. 11,12, 13, Shivansh Complex,
Opposite, Isroli Sarthak Society, Mahuva Road.

PIZZA
P.S.P PIZZA & CAFE


OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).